ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૭૪/૧૮-૧૯/2352 તારીખ : 24 JUN 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી સભાણી નરશીભાઈ ઠાકરશીભાઈ,
ઠે.સભાણીયા, મુ.સાયલા, તા.સાયલા,
જી.સુરેન્દ્રનગર.
**મો.નં. ૯૪૦૮૮ ૨૨૪૩૪.**

કેસ નં.૧૭૪/૧૮-૧૯

**વિષય : ખેતીવાડી વીજ જોડાણ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૧/૦૨/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૪/૧૮-૧૯/૮૦૨ તા.૨૮/૦૨/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૪/૧૮-૧૯/૯૯૧ તા.૧૨/૦૩/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૪/૧૮-૧૯/૧૨૦૬ તા.૨૯/૦૩/૨૦૧૯.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૪/૧૮-૧૯/૧૫૬૮ તા.૨૫/૦૪/૨૦૧૯.
(૬) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમં/૧૭૪/૧૮-૧૯/૨૨૦૨ તા.૦૧/૦૬/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૯/૦૪/૧૯ તથા તા.૧૧/૦૬/૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી, સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **સાયલા**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

# (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૧૭૪/૧૮–૧૯**

વાદી :– શ્રી સભાણી નરશીભાઈ ઠાકરશીભાઈ

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખઃ– ૦૯.૦૪.૧૯ તથા ૧૧.૦૬.૧૯**

હાજર રહયા :– (૧) શ્રી સભાણી ગંગારામભાઈ ઠાકરશીભાઈ – (વાદીનાં ભાઈ)
(૨) શ્રી સભાણી ગંગારામભાઈ ઠાકરશીભાઈ – (વાદીનાં ભાઈ)

પ્રતિવાદી :– શ્રી એમ. આર. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી સભાણી નરશીભાઈ ઠાકરશીભાઈ, ઠે.સભાણીયા, મુ.સાયલા, તા.સાયલા, જી.સુરેન્દ્રનગરની ખેતીવાડી વીજ જોડાણ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૭૪/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૭૪/૧૮–૧૯/૮૦૨ તા.૨૮.૦૨.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૬.૦૩.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ નથી. ત્યારબાદ તા.૦૯.૦૪.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી વતી તેમનાં ભાઈ શ્રી સભાણી ગંગારામભાઈ ઠાકરશીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

તા.૦૯.૦૪.૧૯ ના રોજ વાદી વતી તેમના ભાઈ હાજર રહેલ અને તેઓએ જણાવેલ કે તેઓના ભાઈના નામે સાયલા ગામમાં ખેતીવાડી વીજજોડાણ માટે અરજી કરેલ છે, મારા ભાઈ નરશીભાઈ સભાણી વતી મને વહીવટ કરવા માટે પાવર ઓફ એટર્ની આપેલ છે, જે તેઓ હવે પછીની મુદતમાં રજુ કરશે તેમજ મૂળીનાં ધર્મેન્દ્રગઢ ગામમાં તેઓનાં નામનું એટલે કે, ગંગારામભાઈ ઠાકરશીભાઈના નામનનું પીજીવીસીએલ તરફથી સોલાર ઈરીગેશન પંપનું જોડાણ આપવામાં આવેલ. આ સોલાર પ્લાન્ટ ચોરાઈ જવાની બીકે તેઓએ તેઓના ભાઈ નરશીભાઈ ઠાકરશીભાઈની સાયલા ખાતેની વાડીમાં ફેરવેલ છે, જે ચાલુ સ્થિતીમાં છે અને તેનો વપરાશ કરે છે.

P.G.V.C.L. Bhavnagar. Grievance Redressal

આમ, ફોરમ દવારા ફરીથી વાદીને તા.૦૮.૦૫.૧૯ ના રોજ અન્ય મુદત આપેલ હતી, જેમાં વાદી ગેરહાજર રહેલ અને છેલ્લે તા.૧૧.૦૬.૧૯ ના રોજ અન્ય એક મુદતમાં હાજર રહેવા વાદીને જણાવેલ. જેમાં પણ વાદી વતી તેમના ભાઈ શ્રી સભાણી ગંગારામભાઈ ઠાકરશીભાઈ હાજર રહેલ અને પ્રતિવાદી તરફેશ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...</u>**

૧.૧ સાયલા તાબા હેઠળ ખેતીવાડીના વીજજોડાણ માટે અમોએ તા.૩૦.૧૨.૧૫ ના રોજ વીજ કનેકશન મેળવવા અરજી કરેલ. જેનું એસ્ટીમેટ અમોને આજદીન સુધી આપેલ નથી. અમો અત્યંત ગરીબ પરીસ્થિતીમાંથી આવતાં હોઈ, આ વીજજોડાણ મળે તો અમો ખેતી કરીને અમારા બાળકોને ભણાવી ગણાવી અને અમારૂ ગુજરાન ચલાવી શકીએ. તો રહેમરાહે વિચારી અમારો પ્રશ્ન ઉકેલવા વિનંતી.

૧.૨ તા. ૧૧.૦૬.૧૯ના રોજ ફોરમ સમક્ષ રૂબરૂ જણાવેલ છે કે, સોલાર કનેકશન હવે ફરી મૂળ જગ્યાએ એટલે કે ધર્મેન્દ્રગઢ લગાડેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર વાદીશ્રીની રજુઆત અન્વયે જણાવવાનું કે, અરજદારશ્રી નરશીભાઈ ઠાકરશીભાઈ સભાણી દવારા તા.૩૦.૧૨.૨૦૧૫ ના રોજ રસીદ નં.૬૩૧૦૪૪ થી રૂા.૨૦૦/– ભરી, નવું ખેતીવાડી વીજોડાણ મેળવવા માટે સાયલા પેટા વિભાગીય કચેરી ખાતે નોંધણી કરાવવામાં આવેલ.

૨.૨ સદર નવું ખેતીવાડી વીજજોડાણ આપવા માટે સાયલા પે.વિ.કચેરી દવારા સ્થળ સર્વે ની કાર્યવાહી દરમ્યાન સદર સ્થળ પર સોલારનું વીજજોડાણ હોવાનું માલુમ પડેલ. જેનો સ્થળ પરનો હયાત સોલાર વીજજોડાણનો ફોટોકોપી આ સાથે સામેલ છે.

૨.૩ ત્યારબાદ સાયલા પે.વિ.કચેરી દવારા પત્ર નં.એસવાયએસડી/ટિક/આર.ઈ./૧૧૫૧૯ તા.૨૧.૦૮.૨૦૧૮ અને પત્ર નં.એસવાયએસડી/ટિક/આર.ઈ./૧૨૫૮૧ તા.૨૨.૧૦.૨૦૧૮ થી નોટીસ પાઠવવામાં આવેલ.

૨.૪ સદર બન્ને નોટીસના આધારે વિભાગીય કચેરી, લીબડી દવારા એલબીડી/ટિક–૧/એજી નોટીસ સાયલા/૩૩૫ તા.૨૧.૦૧.૨૦૧૯ થી અંતિમ નોટીસ પાઠવવામાં આવેલ.

૨.૫ ત્યારબાદ સદર વાદી દવારા "ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભાવનગર" ખાતે કરવામાં આવેલ રજુઆત મળતાં વધુ તપાસ કરતાં જાણવા મળેલ છે કે મૂળી પેટા વિભાગીય કચેરીના તાબા હેઠળ આવતાં ધર્મેન્દ્રગઢ ગામ ખાતે આવેલ શ્રી ગંગારામ ઠાકરશીભાઈ સભાણી ના સર્વે નં.૬૦૧/૨ માં ૭.૫ હો.પા.નું "Topsan Energy India Pvt. Ltd." કંપનીનું સૌર ઉર્જા પંપનું વીજજોડાણ લગાડેલ હતું.

૨.૬ સદર સૌર ઉર્જા પંપનું વીજજોડાણ શ્રી ગંગારામ ઠાકરશીભાઈ સભાણી દવારા બિન–અધિકૃત રીતે સાયલા પેટા વિભાગીય કચેરી હેઠળ આવતાં સાયલા ગામ ખાતે આવેલ પોતાના ભાઈશ્રી નરશીભાઈ ઠાકરશીભાઈ સભાણીની વાડીમાં તેઓએ પોતાની મરજી મુજબ પીજીવીસીએલની કોઈપણ સંલગ્ન કચેરીની પુર્વમંજુરી કે જાણ કર્યા સિવાય સ્થળાંતર કરી દીધેલ છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

૨.૭ જેથી વિભાગીય કચેરી, લીંબડી દવારા મૂળી પે.વિ.કચેરીના નાયબ ઈજનેરને તેઓના સ્તરે સદર સૌર ઉર્જા પંપના વીજજોડાણ અંગે ખરાઈ કરવા પત્ર નં.એલબીડી/ટેક–૧/૧૬૨૧ તા.૨૭.૦૩.૧૯ થી જણાવેલ, જે આ સાથે સામેલ છે.

૨.૮ જેના અનુસંધાને મૂળી પે.વિ.કચેરીના નાયબ ઈજનેર દવારા ધર્મેન્દ્રગઢ ગામ ખાતે આવેલ શ્રી ગંગારામ ઠાકરશીભાઈ સભાણીના સર્વે નં.૬૦૧/૨ માં રૂબરૂ સ્થળ પર ખરાઈ કરતાં, તે સ્થળ પર સૌર ઉર્જા પંપ જોવા મળેલ નથી. જેનું સ્થળ પરનું રોજકામ તથા ફોટો આ સાથે સામેલ છે.

૨.૯ વધુમાં જણાવવાનું કે, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ખાતે ફોરમની મુદત દરમ્યાન શ્રી ગંગારામભાઈ ઠાકરશીભાઈ સભાણી દવારા જણાવવામાં આવેલ કે તેઓના ભાઈશ્રી નરશીભાઈ ઠાકરશીભાઈ સભાણી બહારગામ રહેતા હોવાથી નરશીભાઈએ ગંગારામભાઈને "જનરલ પાવર ઓફ એટર્ની" આપેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. જેના પરથી ફલિત થાય છે કે આ બન્ને ભાઈઓની વહીવટી જવાબદારી એક જ છે. તેમજ તેવું પણ જણાવેલ છે કે સદર સૌર ઉર્જા પંપનું તેઓ (ગંગારામભાઈ) દવારા જાતે જ સ્થળાંતર કરી દીધેલછે અને તે સાયલા ખાતે હયાત છે.

૨.૧૦ આમ, સદર અરજદારશ્રી દવારા બિન–અધિકૃત રીતે સૌર ઉર્જા પંપનું સ્થળાંતર કરેલ છે, જે ગુજરાત સરકારશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ ના ઠરાવ ક્રમાંક–બજટ–૨૦૧૪–૧૪૪૭–ક૧, સચિવાલય ગાંધીનગર તા.૨૫.૦૯.૨૦૧૪ મુજબ આ યોજનાનો લાભ લેવા ઈચ્છતાં અરજદારો માટેના માપદંડો/ધારાધોરણ/શરત નંબર–૧૩ મુજબ કરી શકાય નહી.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી સભાણી નરશીભાઈ ઠાકરશીભાઈએ તા.૩૦.૧૨.૨૦૧૫ ના રોજ નવા ખેતીવાડી વીજજોડાણ માટે સાયલા પેટા વિભાગીય કચેરીમાં અરજી નોંધણી કરાવેલ છે.

૩.૨ પ્રતિવાદી દવારા વાદીએ માંગેલ ખેતીવાડી વીજજોડાણ ગામ–સાયલામાં સ્થળ પર સર્વે દરમ્યાન માલુમ પડેલ કે અરજદાર નરશીભાઈ ઠાકરશીભાઈ સભાણીની જમીન પર સોલાર સીસ્ટમ ઈન્સ્ટોલ કરી, ખેતીવાડી વીજજોડાણ ચાલુ હતું.

૩.૩ પ્રતિવાદીએ સોલાર સીસ્ટમ બાબતે તપાસ કરતાં માલુમ પડેલ કે અરજદાર નરશીભાઈ ઠાકરશીભાઈ ની વાડીમાં તેમના ભાઈ ગંગારામભાઈ ઠાકરશીભાઈ સભાણીની ગામ–ધર્મેન્દ્રગઢ, તા.મૂળીમાં પીજીવીસીએલ એ લગાડેલ સોલાર સીસ્ટમનું કનેકશન, બિન–અધિકૃત રીતે શીફટ કરી સાયલા નરશીભાઈ ઠાકરશીભાઈની વાડીમાં અરજદારે જાતે ઈન્સ્ટોલ કરેલ છે, તેથી પ્રતિવાદીએ વાદીને નોટીસ દવારા વીજજોડાણ આપવાની ના પાડેલ.

૩.૪ ખેતીવાડી વીજજોડાણનાં અરજદાર નરશીભાઈ ઠાકરશીભાઈ સભાણીએ તેમના ભાઈ ગંગારામભાઈ ઠાકરશીભાઈ એ રજુઆત માટે ફોરમ ને પાવર ઓફ એટર્ની રજુ કરેલ અને ગંગારામભાઈ ઠાકરશીભાઈ

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

ફોરમે આપેલ મુદત તા.૦૯.૦૪.૧૯ અને તા.૧૧.૦૬.૧૯ ના રોજ ફોરમ સમક્ષ રજુઆત માટે હાજર રહેલ.

૩.૫ અરજદારનાં પ્રતિનીધી ગંગારામભાઈ ઠાકરશીભાઈએ ફોરમ સમક્ષ રજુઆત કરેલ કે ગામ–ધર્મેન્દ્રગઢ ખાતે પીજીવીસીએલ એ સોલાર સીસ્ટમ તેઓના પોતાનાં નામે એટલે કેગંગારામભાઈ ઠાકરશીભાઈ સભાણીના નામે આપેલ પરંતુ ગામ–ધર્મેન્દ્રગઢમાં ચોરી થવાની બીકે તેમજ તેઓની પોતાની વધુ ઉંમરને લીધે તેઓ કંઈ કરી શકે તેમ ન હોય, ધર્મેન્દ્રગઢ ખાતેની સોલાર સીસ્ટમ જાતે તેઓના ભાઈ નરશીભાઈ ઠાકરશીભાઈની સાયલા ખાતેની વાડીમાં શીફ્ટ કરેલ અને ચાલુ કરેલ કારણકે, તેઓનાં ભાઈ નરશીભાઈની વાડીનો વહીવટ તેઓ પોતે જનરલ પાવર ઓફ એટર્ની થકી કરતાં.

૩.૬ તા.૧૧.૦૬.૧૯ ના રોજ રજુઆત દરમ્યાન વાદી અરજદારનાં પ્રતિનીધી ગંગારામભાઈએ ફોરમને જણાવેલ કે સાયલા ખાતે થી શીફ્ટ કરેલ સોલાર સીસ્ટમ તેઓએ કાઢી નાંખીને ફરી ધર્મેન્દ્રગઢ ખાતે લઈ ગયેલ છે માટે કનેકશન માટેની રજુઆત કરેલ.

૩.૭ પ્રતિવાદી દવારા અપાયેલ ધર્મેન્દ્રગઢ ખાતેની સોલાર સીસ્ટમ વાદીએ જાતે ફેરવેલ છે, તે માટે શું કાર્યવાહી થઈ શકે તેમજ તે અંગેના શું પરીપત્ર કે નિયમ છે તે રજુ કરેલ નથી.

૩.૮ વાદી અરજદારનાં જણાવ્યા મુજબ તેઓએ સોલાર સીસ્ટમ જયાં હતી એટલે કે ધર્મેન્દ્રગઢમાં ફરીથી લઈ ગયેલ છે તેને ધ્યાનમાં લેતાં પ્રતિવાદીને હુકમ કરવામાં આવે છે કે વાદી અરજદારે માંગેલ વીજજોડાણ ગામ–સાયલામાં ફરી સ્થળ તપાસ સર્વે કરી અને સોલાર સીસ્ટમ ત્યાં લગાડેલ નથી, તેવી ખરાઈ કરી વાદી અરજદારને ૩ માસમાં કનેકશન આપવાની કાર્યવાહી કરવી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૮ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

તારીખ :– **૧૧.૦૬.૨૦૧૯**